| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૦૩/૧૨/૨૦૨૩ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૪૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૭૪ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૫૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની આને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૯૫૧/૨૦૨૩

**નવરંગપુરાઃ** પ્રીન્સ સ/ઓ રાજેશભાઇ (ઉ.વ.૨૬) (રહે. રાજશી એપાર્ટમેન્ટ ટેલીફોન એક્ષચેન્જની નજીક સી.જી.રોડ નવરંગપુરા) એ તા.૦૨/૧૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૧/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કુણાલભાઇ હર્ષદભાઇ કંસારા તથા નિરવભાઇ નવીનચંદ્ર સોની (રહે. કમલ કોમ્પ્લેક્ષ સી.જી.રોડ નવરંગપુરા) નાઓએ ભેગા મળી પ્રીન્સ રાજેશભાઇને વિશ્વાસમાં લઈ તેઓની વસુધા બુલીયન એલ.એલ.પી કંપનીમાંથી પ્રીન્સ રાજેશભાઇની આર.એસ.જડીયા જવેલર્સ નામની કંપનીમાં સસ્તો માલ આપશે અને પ્રીન્સ રાજેશભાઇને સારો એવો નફો કમાવી આપશે તેમ જણાવી પ્રીન્સ રાજેશભાઇ પાસેથી રૂપિયા ૧,૮૦,૦૦,૦૦૦/- તેઓની વસુધા બુલીયન એલ.એલ.પી કંપનીના એચ.ડી.એફ.સી બેંકના ખાતામાં મેળવી લઇ સોનાનો માલ તથા પ્રીન્સ રાજેશભાઇએ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એ.દેસાઇ ચલાવે છે.

**<u>લુંટઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫૨/૨૦૨૩</u>**

**કાગડાપીઠઃ** પારસમલ રતિલાલ બોહરા (ઉ.વ.૩૯) (રહે. ઉન્નતિપાર્ક પી.કે.પાર્ટી પ્લોટ પાસે ગાયત્રી મંદિર પાસે ડિસા બનાસકાંઠા) તા.૦૧/૧૨/૨૦૨૩ રાતના ૧૦/૪૫ વાગ્યાનાં સુમારે રાયપુર ભૂતની આંબલી પેટ્રોલપંપ પાસે ગલીમાં શ્રીમાન ટ્રાવેલ્સની ઓફિસ સામે મયુદ્દીન બાબા દરગાહ નજીક રાજ કેરીંગ કાર્ગો પ્રા.લી.સાંઈ સલોની ટ્રાન્સપોર્ટ આગળ ત્રણ પુરૂષોએ પારસમલ બોહરાને ગડદાપાટુનો માર મારી ખિસામાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- કાઢી લઈ લૂંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પારસમલ બોહરા એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫૩/૨૦૨૩</u>**

**નારોલઃ** મહેન્દ્રભાઇ જયદયાલભાઇ શર્મા (રહે. પારસપ્રભુ સોસાયટી વિશાલનગર સામે સોનલપાર્કની બાજુમાં ઇસનપુર) એ તા.૦૨/૧૨/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૩ કલાક ૨/૧૫ થી ૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ-અસલાલી હાઇવે ભમરીયા પાસે આવેલ પુજાફાર્મ પાર્ટી પ્લોટ ખાતે પોતાની પુત્રીના લગ્ન હોઈ લગ્ન પ્રસંગમાં કન્યાદાનમાં આપવાના દાગીનાનો થેલો મંડપની ચોરીમાંથી અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે થેલામાં સોનાનો હાર, સોનાની બુટ્ટી, સોનાની વિંટી, સોનાની નાકની નથ, ચાંદીની પાયલ, કાંડા ઘડીયાળ અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૪,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

**<u>બેગ ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫૪/૨૦૨૩</u>**

**નરોડાઃ** ભગવાનદાસ વેનસીમલ સિધનાણી (ઉ.વ.૬૬) (રહે. નયનનગર જૈન દેરાસર પાછળ સૈજપુર કૃષ્ણનગર) તા.૦૧/૧૨/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે નરોડા પાટીયા એસ.બી.આઈ બેંક ની બાજુમા આવેલ જીવનજયોત ગેસ સર્વિસીસ નામની ગેસ એજન્સી આગળ એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પેલન્ડર જેવા મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો ભગવાનદાસ સિધનાણીના એકટીવા આગળ મુકેલ લેપટોપ બેગ આંચકી લઈ નાસી ગયા હતા. જે બેગમાં લેપટોપ, અલગ-અલગ કંપનીની પેનડ્રાઈવો તથા બેંકના એ.ટી.એમ.કાર્ડ અને રોકડ રૂપિયા ૫,૧૫,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ ભગવાનદાસ સિધનાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**<u>ભુલથી દવા સમજી ઝેરી પ્રવાહી પી લેતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫૫/૨૦૨૩</u>**

**શાહીબાગઃ** અભય સુરેશભાઇ શાહ (ઉ.વ.૨૩) (રહે. જયમંગલ સોસાયટી શાહીબાગ) એ તા.૨૪/૧૧/૨૦૨૩ સવારના સમય એ ભુલથી પોતાની દવા સમજીને ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને ચંદ્રમણી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૧૨/૨૦૨૩ કલાક ૧૧/30 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી